મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૧ ટકા

ગાંધીનગર તાપમાન

ભોળાનાથના જયઘોષથી મંદિરો ગુંજ્યા

પંચદેવ મંદિર, સોમનાથ મહાદેવ, વૈજનાથ મહાદેવ, ઓમકારેશ્વર મહાદેવ અને ભુવનેશ્વર મહાદેવમાં દર્શાનાર્થીઓની ભીડ જામી : બ્રહ્માકુમારીમાં બરફના શિવલીંગના દર્શન કરવા ભાવિકો ઉમટયા : મોં પર માસ્ક પહેરીને સવારથી જ શિવમંદિરોમાં દર્શન માટે ભાવિકોની કતાર જોવા મળી



ગાંધીનગર, તા. ૧૧

શિવરાત્રીના પવિત્ર પર્વની ઉજવણીમાં ભાવિકો ભોળાનાથના ભકિતરસમાં ભીંજાયા હતા. શહેરના શિવમંદિરો ભોળાનાથના જયઘોષથી ગુંજી ઉઠયા હતા. રંગોળી અને ફુલોથી સુશોભિત શિવાલયોમાં શિવપુજા માટે સતત ભાવિકોની ભીડ જોવા મળી હતી. કોરોના સંક્રમણથી બચવા ભાવિકો મોં પર માસ્ક સાથે જોવા મળ્યા હતા. સેકટરોમાં સ્થિત શિવમંદિરો ઉપરાંત શહેર આસપાસના શિવાલયોમાં પણ સતત ભાવિકો દર્શન માટે આવતા નજરે પડયા હતા. શિવરાત્રી નિમિત્તે શિવમંદિરોમાં ભવ્ય પુજા આરતી સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

શહેરના શિવમંદિરોમાં આજે શિવભકતોની ભીડ જામી હતી. શિવરાત્રીના પવિત્ર દિવસે ભાવિકો શિવપુજામાં મગ્ન બન્યા હતા. ભોળાનાથને દુધ અને જળનો અભિષેક કરી ધન્યતા અનુભવી હતી. શિવાલયો ઓમ નમ : શિવાય અને જય ભોલેના જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. કોરોનાના કપરા કાળ વચ્ચે છેલ્લા એક વર્ષથી સમગ્ર તહેવારોની ઉજવણી ફીક્કી પડી ગઇ છે. ભાવિકોએ નવરાત્રી બાદ શિવરાત્રીમાં પણ મોટાપાયે ધાર્મિક પ્રસંગોનુ આયોજન કરવાનુ ટાળ્યુ હતુ. પરંતુ શિવમંદિરોમાં સવારથી જ ભાવિકોની વિશેષ અવરજવર જોવા મળી હતી. શિવાલયોમાં ફુલોનો અને રંગોળીનો શણગાર જોવા મળ્યો હતો. શિવાલયોમાં ભોળાનાથના દર્શન માટે આવતા ભાવિકોના મોં પર માસ્ક જોવા મળ્યા હતા. જયારે સવાર સાંજ સુધી સતત ભાવિકોનો ઘસારો જોવા મળ્યો હતો. શિવરાત્રી નિમિત્તે મંદિરોમાં ભવ્ય આરતી, શિવમહીમ્મનના પાઠ તેમજ ઓમ નમ : શિવાયની ધુન સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સે-૨૨ પંચદેવ મંદિરમાં પણ વિશેષ શિવપુજા અને ભવ્ય આરતીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે મંદિર પાસે યોજાતા મેળાનુ આયોજન પણ પડતુ મુકાયુ હતુ. જો કે બાળકોના આનંદ પ્રમોદ માટે રમકડાના વેપારીઓ મેળાના સ્થાને ગોઠવાઇ ગયા હતા. શહેરના સે-૧૬ સોમનાથ મહાદેવ, સે-૨૧ વૈજનાથ મહાદેવ સે-૪ ઓમકારેશ્વર મંદિર , સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર , સે-૬ ચંદ્રમોલેશ્વર મંદિર તેમજ સે-૩ માં રામેશ્વર મંદિર સહીતના શિવમંદિરોમાં ભાવિકોએ ઉત્સાહભેર અને શ્રધ્ધાથી ભગવાન શિવના વિવિધ સ્વરૂપમાં દર્શન કર્યા હતા. જયારે સે-૨૮ બ્રહ્માકુમારીઝ દ્વારા પણ બરફના શિવલીંગ તૈયાર કરાયા હતા. બ્રહ્માકુમારીઝ દ્વારા વાવોલમાં પણ બરફના શિવલીંગ તૈયાર કરતા ભાવિકો દર્શન માટે ઉત્સુક જોવા મળ્યા હતા. નગરના શિવમંદિરોમાં વિશેષ સુસોભન સાથે ભગવાનને ભોગ ધરાવાયા હતા. ફુલો અને રંગોળીથી સુસોભિત શિવમંદિરો ભાવિકોમાં આસ્થાની સાથે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. જેના દર્શનનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. અને શહેર નજીક સ્થિત ધોળેશ્વર મહાદેવ અને વાસણિયા મહાદેવ મંદિરમાં પણ દિવસ દરમિયાન સતત ભાવિકો દર્શન માટે આવતા નજરે પડયા હતા. ભગવાન ભોળાનાથના દર્શન કરી ધન્યતા અનુભવતા ભાવિકો સતત ઓમ નમ : શિવાયના જયઘોષ કરતા શહેરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઇ હતી.

જન્મદિને વધામણી

જીગર એન પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગ્રૂપ)

ડો. જિગર સુરેશભાઈ રત્નોત્તર
મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩

દિનેશભાઈ શિવરામભાઈ પરમાર
મો. ૯૯૧૩૫ ૯૮૭૯૪

પ્રીતિ રીન્કેશ પરમાર
મો. ૯૬૮૭૯ ૫૭૪૫૬

તેજ હાર્દિકકુમાર રાવલ
મો. ૯૯૭૪૯ ૮૮૩૨૯

રીયા ડી ગાંધી
મો. ૯૯૭૯૮ ૬૮૧૩૪

તન્વી ડી ગાંધી
મો. ૯૯૭૯૮ ૬૮૧૩૪

સેક્ટર-૩ન્યુમાં મહિલા મિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સેક્ટર-૩ન્યુમાં હોળી ચોક ખાતે ગત તા. ૮મી માર્ચે મહિલા મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ મહિલા દિવસ નિમિત્તે આયોજિત આ સમારોહમાં સેક્ટરની આશરે ૮૦ જેટલી મહિલાઓએ જીનલ પટેલ, આઇસીડીએસ સુપરવાઇઝર, ભાવનાબા અને રેખાબેન પરમારે ગણેશની સ્તુતિ સાથે પ્રોગ્રામની શરૂઆત કરી હતી. કાર્યક્રમમાં સુધાબેન, કપિલાબેન, જ્યોતિબેન, કમળાબેન વગેરેએ આયોજિત પોગ્રામ સફળ બનાવવા માટે એક થઈને મહિલા વિશે જાગૃતિ આવે તેની ચર્ચા કરી હતી. કાર્યક્રમનું સંચાલન વસાહત રામામંડળના સહયોગથી કરવામાં આવ્યું હતું.

સે-૨ દવાખાનામાં રોજ ૨૦૦ નાગરીકોને કોરોના વેક્સિન અપાય છે

સેક્ટરના સિનિયર સિટીઝનો સ્ટાફની કામગીરીમાં મદદરૂપ બને છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ અર્બન હેલ્થ સેન્ટરના ડો.રૂત્વિજ આચાર્ય અને દવાખાનાનો સંપૂર્ણ સ્ટાફ કોરોના વોરીયર્સ તરીકે કામ કરી રહ્યા છે. સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી ૨૦૦ થી વધુ નાગરીકોને વિના મુલ્યે કોરોનાની વેકિસન આપવામાં આવે છે. વેક્સિન લેવા માટે નાગરીકો સવારથી જ લાઈન લગાવી દે છે. દવાખાના સ્ટાફની કામગીરીમાં સેકટર-૨ ના સિનિયર સિટીઝનો પણ સ્વેચ્છાએ સહકાર આપી રહ્યા છે. જેમાં પ્રમોદભાઈ દવેની આગેવાની હેઠળ અન્ય સિનિયર સિટીઝનમાં સતિષભાઈ ભાવસાર, મુકેશભાઈ પંડિત, નરેન્દ્ર ભાવસાર, જીવરામભાઈ ઠક્કર તેમજ કરણસિંહ વાઘેલા પોતાની યથાશકિત સહકાર આપી સેવા કાર્યમાં જોડાય છે. વેક્સિન લેવા માટે મોટીસંખ્યામાં આવતા તમામ નાગરીકોને ટોકન નંબર આપવામાં આવે છે. તે ઉપરાંત વેક્સિન અંગેની જરુરી માહિતી પણ નિયમિત આપવામાં આવે છે. જયારે સિનિયર સિટીઝન પ્રમોદભાઈ દવે દ્વારા વેકિસન શા માટે લેવી જોઈએ, તેમજ વેક્સિન આપ્યા બાદ જણાતા સામાન્ય લક્ષણો જેવાકે ઠંડી લાગવી તાવ આવવો, માથાનો દુખાવો થવો, હાથપગ દુખવા વગેરે સામાન્ય બાબત છે, જેને રીએકશન તરીકે ગણવી ન જોઈએ. જયારે વેકિસન લીધા પછી પણ કોરોના થવાનો નથી તેવી ભુલભરેલી માન્યતામાંથી બહાર આવીને જાગૃત રહેવાની જરુર છે. નાગરીકોએ સતત માસ્ક પહેરવું, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવુ, અને વારંવાર હાથ ધોવાના સહિતની બાબતોથી સિનિયર સિટીઝનોને માહિતીગાર કરવામાં આવે છે.

શનિવારે વરિષ્ઠ સાહિત્યકાર નટવર હેડાઉને હિન્દી સેવા સરસ્વતી સન્માનથી નવાજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના વરિષ્ઠ સાહિત્યકાર નટવર હેડાઉને હિન્દી સેવા સરસ્વતી સન્માનથી નવાજવામાં આવશે. સુરતના વર્ધા ખાતેની અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થા દ્વારા આગામી તા. ૧૩મી માર્ચ શનિવારના રોજ ત્રણ વરિષ્ઠ સાહિત્યકારોને નવાજવામાં આવનાર છે. જેમાં ગાંધીનગરના નટવર હેડાઉ ઉપરાંત અમદાવાદના શરદ જોશીને અને સુરતના હર્ષદ ગલિયારાને હિન્દી પ્રચારક અભિયાનથી સન્માનિત કરવામાં આવશે. આ કાર્યક્રમ શનિવારે સેકટર-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટરના હોલ ખાતે સાંજે ૪ કલાકે યોજાશે.

કાર્યક્રમમાં અધ્યક્ષપદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, મુખ્ય અતિથિ પદે વરિષ્ઠ સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ તથા અતિથિ વિશેષ પદે વરિષ્ઠ હિન્દી કવિ કિશોર કાબરાજી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સાહિત્યરસિકોને અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થાના રાષ્ટ્રભાષા પ્રચારક મંડળના અધ્યક્ષ અતુલ પાઠક તથા મહાસચિવ નરેન્દ્ર ઠંઠારેએ નિમંત્રણ પાઠવ્યું છે. કાર્યક્રમના આયોજનમાં ગાંધીનગરની ગુજરાત સાહિત્ય સંગમ સંસ્થાના મહાસચિવ લલિત કિશોર અગ્રવાલનો સહયોગ સાંપડયો છે.

આનંદીમાના વડલે દિકરી દેવો ભવઃ યોજના અંતર્ગત ચૌદમી દિકરીનું કન્યાદાન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના માણસામાં ગત તા. ૮મી માર્ચ વિશ્વ મહિલા દિને આનંદીમાના વડલા ખાતે દીકરી દેવો ભવઃ યોજના અંતર્ગત ચૌદમા લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લગ્નના સંપૂર્ણ ખર્ચના દાતા વિશ્વ પ્રસિદ્ધ ગાયક વોઇસ ઓફ મહંમદ રફી બંકીમભાઈ પાઠક હતા જેઓએ પોતે ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ પાઠવીને 'બાબુલ કી દુઆએ લેતી જા' ગીત ગાઈને સૌને ભાવવિભોર કરી દીધા હતા. સંસ્થાના માનદ્ મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસ દ્વારા બંકીમભાઈ પાઠકનું સ્ટેન્ડિંગ ઓવીએશન દ્વારા સન્માન કરીને આભાર માનવામાં આવ્યો હતો ત્યારબાદ દિકરી વંદના કરી આરતી ઉતારવામાં આવી હતી. સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસના આ સેવાકાર્યને બંકીમભાઈ પાઠકે બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી.

યોગમય ગુજરાત માટે એક લાખ યોગ ટ્રેનર્સ તૈયાર કરવા મુખ્યમંત્રીનું આહવાન

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજિત ત્રિ દિવસીય યોગ શિબિરના સમાપન પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ યોગને સમગ્ર રાજયમાં ઝડપથી તમામ નાગરિકો સુધી પહોંચાડવા અને 'યોગમય ગુજરાત' અંતર્ગત તા. ૨૧મી જુન સુધીમાં એક લાખ યોગ ટ્રેનર્સ તૈયાર કરવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે તેમણે નાગરિકોને યોગ દ્વારા પોતાની રોગપ્રતિકારક શકિત વધારવા સલાહ આપી હતી.

અમદાવાદના રીવર ફ્રન્ટ ખાતે યોગ શિબિરના સમાપન પ્રસંગે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક મંત્રી ઈશ્વરસિંહ પટેલ તથા મહામંડલેશ્વર અખિલેશ્વર દાસજી મહારાજ, અમદાવાદના નવ નિયુકત મેયર કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેષભાઈ બારોટ, દંડક અરૂણસિંહ રાજપૂત, શાસક પક્ષના નેતા ભાસ્કરભાઈ ભટ્ટ સહિત અગ્રણીઓ તથા યોગ બોર્ડના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રાજય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજીએ કર્યું હતું.

જ્યોતિ મહિલા મંડળે નવજાત "દિકરીઓના વધામણાં" કર્યા

ગાંધીનગર, તા. ૧૧

સમાજમાં દિકરી જન્મદર ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યો છે જેને અનુલક્ષીને શહેરની જ્યોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૮મી માર્ચે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પ્રસુતા વોર્ડમાં જન્મેલ તમામ નવજાત દિકરીઓના વધામણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાની મહિલાઓએ દિકરીઓની માતાઓને મળીને શુભેચ્છા પાઠવવા સાથે તેમની દિકરીને સવારથી રાત સુધી જે જે ચીજવસ્તુઓની જરૂર પડે તે તમામ વસ્તુઓની કીટ બનાવીને અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યમાં સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ, હર્ષાબા ધાંધલ, કિન્નરીબેન દવે, જ્યોતિબેન ઠક્કર સહિત સ્ટાફ નર્સો જોડાઈ હતી.

ઘરમાં રહો સુરક્ષિત રહો

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. શેઠ રમેશચંદ્ર ભીખાલાલ
  ઉ.વ. ૮૨, કલોલ
- સ્વ. પટેલ શકરીબેન સોમાભાઈ
  ઉ.વ. ૭૦, વિજાપુર, મહેસાણા
- સ્વ. ભાવસાર હસમુખ ઈશ્વરલાલ
  ઉ.વ. ૬૯, સેકટર-૧૩